ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૮/૨૧-૨૨/ 1362 તારીખ : 28 APR 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મંગાભાઈ આલાભાઈ ખાવડું,**
**મું.નાવા,**
**તા.ચોટીલા,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૮૮/૨૧-૨૨

**મો.નં- ૯૯૦૯૮ ૭૫૫૮૯**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશનનું મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૦૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૧-૨૨/૪૪૮ તા.૦૮/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૩/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચોટીલા**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૮/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી મંગાભાઈ આલાભાઈ ખાવડું,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૨/૦૩/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી મંગાભાઈ આલાભાઈ ખાવડું (વાદી પોતે)**

પ્રતિવાદી :– શ્રી એમ.વી. ઝાલા , નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મંગાભાઈ આલાભાઈ ખાવડું, મું.નાવા, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર ની ખેતીવાડી વિજ કનેકશનનું મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૮/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૧–૨૨/૪૪૮ તા.૦૮/૦૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૨/૦૩/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે**શ્રી એમ.વી. ઝાલા , નાયબ ઈજનેર**, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી મંગાભાઈ આલભાઈ ખાવડુ, ચોટીલા તાલુકાના નાવા ગામના વતની છે. તેઓ ગ્રાહક નં–૨૭૮૩૫/૦૦૭૯૨/૭ થી ૭.૫ એચ.પી નું ખેતીવાડી વિજ કનેકશન તા.૩૦/૧૨/૨૦૧૨ થી ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, મીટર રીડર દ્વારા તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજ મીટર માં ૧૨૮૫૯૨ રીડીંગ જોવા મળે હતા. જેની ગણતરી કરતા, ૬૯૮૦૫ યુનિટ નું રૂા.૪૧૪૪૫/૩૭ વિજ બિલ એકી સાથે આપવામાં આવેલ છે. જે બિલ તદન ખોટી રીતે આપવામાં આવેલ છે.

૧.૩ વિજ કચેરી દ્વારા રૂા.૪૧૪૪૫/૩૭ નું આપવામાં આવેલ વિજ બિલ મોટી રકમ હોવાથી ભરપાઈ કરી શકે તેમ નથી. તેમજ વિજ કચેરી દ્વારા જે પણ બિલ આપવામાં આવેલ છે તે તમામ બિલ ભરપાઈ કરી આપેલ છે. જેની નકલ અરજી સાથે જોડેલ છે. તેમ વાદી જણાવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ પીજીવીસીએલ ના કર્મચારી દ્વારા અત્યાર સુધીના વિજ બિલ મીટર જોયા વિના કેમ આપ્યા હશે તે સામે વાળા ને તકરાર છે. તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજ એકી સાથે આપવામાં આવેલ વિજ બિલ આપેલ છે, તે ભૂલ અમારી નથી. જે પીજીવીસીએલ ના કર્મચારી દ્વારા ભૂલ કરવામાં આવેલ છે તેમ વાદી જણાવે છે. જેથી, સદર બાબતે યોગ્ય કાર્યવાહી કરવા વાદી જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીનું શ્રી મંગાભાઈ આલાભાઈ ખાવડુ, નાવા ગામે ગ્રાહક નં–૨૭૮૩૫/૦૦૭૯૨/૭ થી ૭.૫ એચ.પી.નું A-2 કેટેગરી નું ખેતીવાડી વિજ કનેકશન તા.૩૦/૧૨/૨૦૧૨ થી ધરાવે છે.

૨.૨ મીટર રીડર તા.૧૯/૦૧/૨૦૨૨ સદર ગ્રાહક ને ત્યાં વિજ બિલ બનાવવા માટે જતા, મીટરમાં ૧૨૮૫૯૨ રીડીંગ જોવા મળેલ હતા. જેથી, અગાઉના રીડીંગ ૫૮૭૮૭ થી ગણાતા ૧૨૮૫૯૨ નો તફાવત ગણી ૬૯૮૦૫ યુનિટનો વિજ વપરાશ થયેલ જોવા મળેલ. જેનું કુલ વિજ બિલ રૂા.૪૧,૪૪૫/૩૭ મીટર રીડર દ્વારા આપવામાં આવેલ હતું.

૨.૩ સદર ગ્રાહકના વિજ વપરાશ ની લેઝર કોપી ૧૪૫ અને ૮૮૪ પી.આર.ટી આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

**3.૧ વાદી દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તા ૧૬.૦૧.૨૦૨૨નું આપવામાં આવેલ ૬૯૮૦૫ યુનિટનું રૂ. ૪૧,૪૪૫/૩૭ મોટી રકમનું વીજબીલ એકી સાથે આપવામાં આવેલ હોય તેની સામે રજૂઆત કરવામાં આવેલ છે.**

**3.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીએ વાદીના ખાતાની લેજર કોપી, પી.આર.ટી. – ૧૪૫, વપરાશની વિગત દર્શાવતી પી.આર.ટી., લેબ. રીપોર્ટ વગેરે દસ્તાવેજો રજુ કરેલ છે. જે જોતા વાદીનું મીટર જમ્પ મારી જતા મિટરના આંકડા વધી ગયેલ હોઈ તેમ માલુમ પડતા ફોરમ દ્વારા પ્રતિવાદીને ખરેખર બનવાપત્ર બીલ અને બનેલ બીલની તફાવતની વિગત દર્શાવતું સ્ટેટમેન્ટ રજુ કરવા જણાવેલ જે પ્રતિવાદીએ રજુ કરેલ છે.**

3.3 વાદી પ્રતિવાદી દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો વાદીના વપરાશની પેટર્ન જોતા આથી હુકમ કરવામાં આવે છે. કે પ્રતિવાદીએ ડિસે-જાન.૨૨ નું વાદીને આપેલ ૬૯૮૦૫ યુનિટનું બીલ રદ કરવું અને સુધારેલ બીલ 3 દ્વિ માસિક ગાળાનું ૧૨૨૧ યુનિટ મુજબ બનાવી વાદીને આપવું.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

:: **હુકમ** ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "3.3" મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ. મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૨/૦૩/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar